# <u>પ્રધાન મંત્રી જીવન જ્યોતિ વીમા યોજના માટેના નિયમો</u>

**યોજનાની વિગતો :**

આ યોજના અંતર્ગત એક વર્ષનું રક્ષણ મળશે જેનું દર વર્ષે નવીનીકરણ કરવાનું રહેશે. આ વીમા યોજના અંતર્ગત, કોઈપણ કારણોસર મૃત્યુ થાય તો જીવન વીમા મળવા પાત્ર છે. આ યોજના એલ.આઇ.સી. તેમજ અન્ય જીવન વીમા કંપનીઓ જેઓ સમાન શરતોથી સંચાલિત અને જરૂરી મંજૂરી લઈ બેંકો સાથેના સંગઠનમાં રહી ઉપલબ્ધ કરશે. સહયોગી બેન્કો કોઈપણ જીવન વીમા કંપનીઓની નિમણૂક કરી ગ્રાહકો માટે આ યોજનાનો અમલીકરણ કરવાની છૂટ ધરાવે છે.

**આવરી લીધેલ ક્ષેત્ર:**

સહયોગી બેન્કોના બધાજ બચત ખાતા ધારકો જેમની ઉમર ૧૮ થી ૫૦ વર્ષની હશે તે જોડાવા માટે અધિકૃત રહેશે. વ્યકતીગત એક અથવા અન્ય બેંકોમાં બચત બેન્ક ખાતા હોય તેવા કિસ્સામાં માત્ર એકજ બચત ખાતા દ્વારા આ યોજનામાં જોડાવા લાયક રહેશે.

**નોંધણી મુદત (પીરિયડ):**

યોજનાના પ્રારંભમાં વીમારક્ષણ સમય ૧લી જૂન ૨૦૧૫ થી ૩૧મે ૨૦૧૬ સુધીનો રહેશે જેના માટે ગ્રાહકોએ નોંધણી તેમજ તેમના બચત ખાતામાંથી આપોઆપ કપાત અંગે સંમતિ ૩૧મે ૨૦૧૫ સુધીમાં આપવાની રહેશે. મુદત વીતી ગયા બાદ જોડાવનારા માટે નોધણી તા. ૩૧.૦૮.૨૦૧૫ સુધી શક્ય છે જે ભારત સરકાર દ્વારા વધુ ત્રણ મહિના માટે, એટલે કે ૩૦.૧૧.૨૦૧૫ સુધી લંબાવવામાં આવી શકે. પાછળથી નોંધણી કરાવનારે નિયતપત્રકમાં સારા આરોગ્ય અંગેનું સ્વ-પ્રમાણિતપત્ર રજુ કરીને તેમજ સંપૂર્ણ વાર્ષિક પ્રીમિયમ ભરપાઈ કરીને સંભવિત રક્ષણ મેળવવા યોગ્યતા પ્રાપ્ત કરશે.

**નોંધણીની કાર્યવાહી :**

યોજના નીચે રક્ષણ એક વર્ષના સમય ગાળા માટે 1લી જૂન થી 31મી મે માટે ગ્રાહકોએ નોંધણી તેમજ એમના બચત ખાતામાં થી આપો આપ કપાત માટે સંમતિ દર વર્ષે 31મી મે સુધીમાં જરૂરી ફોર્મ માં આપવાની રહેશે જે પહેલા વર્ષને લાગુ પડશે નહીં. નિયત સમય પછી નોંધણી જરૂરી વાર્ષિક પ્રીમિયમ તેમજ સારા આરોગ્ય અંગેનું સ્વ-પ્રમાણિત પત્ર આપી યોજના નીચે રક્ષણ મેળવવું શક્ય રહેશે.

કોઈપણ સમયે સ્કીમમાં/ યોજનામાંથી નીકળી જનાર વ્યક્તિઓ નિયત પત્રકમાં સારા આરોગ્ય ની કબૂલાત આપીને ભવિષ્યના વર્ષોમાં આ યોજનામાં ફરી જોડાઇ શકે છે.

ભવિષ્યમાં, લાયકાત વર્ગમાં આવતા નવા ગ્રાહકો, અથવા હાલની લાયક વ્યક્તિઓ જે અગાઉ જોડાઈ શકી નથી તેઓ અથવા પ્રીમિયમ બંધ કરી દીધેલ છે તેઓ આ યોજનામાં સારા સ્વાસ્થ્યનું સ્વ-પ્રમાણીત પત્ર રજુ કરીને ચાલુ યોજના દરમ્યાન ફરીથી જોડાઈ શકે છે.

**લાભો:** સભ્યનું કોઈ પણ કારણસર મૃત્યુ થાય તો રૂ.2 લાખ ચૂકવવા પત્ર રકમ થશે.

**પ્રીમિયમ:**

સભ્ય દીઠ વાર્ષિક પ્રીમિયમ અંકે રૂ.૩૩૦/- આ યોજના હેઠળ દરેકનું વાર્ષિક કવરેજ પ્રીમિયમ એકજ હપ્તામાં આપોઆપ કપાતની સવલત મારફતે ખાતાધારકના બચત ખાતામાથી ૩૧મી મે પહેલાં અથવા સુધીમાં ઉધારવામાં આવશે. ૩૧મી મે પછી સંભવિત કવર માટે સારૂં સ્વાસ્થ્ય અંગે પ્રમાણીત પત્ર તેમજ વાર્ષિક પ્રીમિયમની સંપૂર્ણ ચુકવણી સાથે રજૂ કરવાથી તા. ૩૧મી મે પછી પણ શક્ય બનશે. આ પ્રીમિયમની સમીક્ષા વાર્ષિક ઉદભવતા દાવાઓના અનુભવ આધારિત કરવામાં આવશે. જોકે, ભારે કુદરતી અણધાર્યા સંજોગો સિવાય પ્રથમ ત્રણ વર્ષમાં પ્રીમિયમનો વધારો  નહીં કરવા પ્રયત્ન કરવામાં આવશે.

**પાત્રતાની શરતો :**

અ) સહભાગી બેંકોના બચત ખાતાધારકો જેમની ઉમર ૧૮ વર્ષ (પૂર્ણ) અને ૫૦ વર્ષ ( જન્મ તારીખથી નજીકની ઉમર) હોય અને જેઓ ઉપરોક્ત કાર્યવાહી પ્રમાણે નોંધણી તેમજ આપો આપ કપાત ની સંમતિ આપશે તેઓની આ યોજનામાં નોંધણી કરાશે.

બ) પ્રારંભિક નોંધણી સમયે તેમજ વધારેલ સમય ગાળો ૩૧.૮ ૨૦૧૫ અથવા ૩૦.૧૧.૨૦૧૫ પછી નોંધણી કરાવવા માંગતી વ્યક્તિઓ, જે લાગુ પડતું હોય, તેમણે / તેણીએ પોતાના સ્વાસ્થ્ય અંગે સ્વ પ્રમાણીત પત્ર તેમજ જટિલ માંદગીથી પીડાતા / પીડાતી નથી તેવું સંમતિ અને નિવેદન ફોર્મમાં જાણવાનું અથવા આપવાનું રહેશે.

**માસ્ટર પોલિસી ધારક :**

સહભાગી બેંક માસ્ટર પોલિસી ધારક બનશે.  સરળ અને મિત્રતા સભર તેમજ દાવાની પતાવટ એલઆઇસી / અન્ય વીમા કંપની બેંકોની સાથે રહી કરશે.

**બાંહેધરીની રદબાતલતા :**

નીચે દર્શાવેલ ઘટનાઓમાંથી કોઈ પણ એક ઘટના ઘટિત થતાં  સભ્યની જીવનરક્ષણ બાંહેધરી રદબાતલ થશે અને  તેની નીચે કોઈ લાભ ચૂકવવાપાત્ર રહેશે નહીં.

1) ૫૫ વર્ષની ઉમરે પહોચતા (જન્મતારીખથી નજીકની ઉમર), વાર્ષિક નવીનીકરણ થયે (નોંધણી, તેમ છતાં, ૫૦ વર્ષથી ઉપરની ઉમરે શક્ય નથી)
2) બેંક ખાતું બંધ કરવાથી અથવા વીમો ચાલુ રાખવા માટે અપૂરતી રકમ બચત ખાતામાં રાખવાથી
3) જો સભ્ય એલઆઇસી / બીજી કંપની દ્વારા પીએમજેજેબીવાય તેમજ અજાણતા એક કરતાં વધુ ખાતા અને પ્રીમિયમ એલઆઇસી / કંપનીએ મેળવેલ હશે તો રૂ. ૨ લાખ સુધી મળવા પત્ર રહેશે  અને બીજું પ્રીમિયમ પાછું મળવા પત્ર રહેશે નહીં.
4) જો વીમા રક્ષણ કોઈ ટેકનિકલ કારણો જેવાકે નવીનીકરણ તારીખે બચત ખાતામાં અપૂરતું બેલેન્સ અથવા કોઈપણ વહીવટી કારણસર બંધ કરવામાં આવેલ હશે તો તેવા વીમા રક્ષણ વાર્ષિક પૂર્ણ પ્રીમિયમ ભરવાથી તેમજ સારા સ્વાસ્થ્યની સંતોષકારક રજૂઆતથી પુનઃ ચાલુ થઈ શકશે.

૫) સહભાગી બેંક દર વર્ષની ૩૦ જૂને પ્રીમિયમ વીમાકંપનીને નિયમિત નોધણી થયેલ કિસ્સામાં મોકલશે અને અન્ય કિસ્સામાં જે માહિનામાં પ્રીમિયમ મળશે તેજ મહિનામાં મોકલશે.

**વહીવટ:**

ઉપર દર્શાવેલ વીમા યોજનાનું સંચાલન એલ. આઈ. સી., પી. જી. એકમો / અન્ય વીમાં કંપનીના સહયોગથી થશે. ડેટા ફ્લો પ્રક્રિયા અને માહિતી પત્રકની અલગ થી જાણ કરવામાં આવશે.

આપોઆપ કપાત  પ્રક્રિયા મારફતે વાર્ષિક પ્રીમિયમ એકજ હપ્તાથી ખાતા ધારકો પાસેથી આપેલ વિકલ્પના આધારે જે તે તારીખે અથવા તે પહેલા વસૂલ કરવાની જવાબદારી સહભાગી બેંકોની રહેશે.

સભ્યો આપોઆપ કપાતનો વિકલ્પ યોજના અમલમાં રહેલ ત્યાં સુધીનો આપી શકે છે.

નોંધણી ફોર્મ / નિયત પત્રક માં આપોઆપ કપાત અધિકૃતિ / સંમતિ સાથે નિવેદનનું ફોર્મ મેળવી સહભાગી બેન્કો દ્વારા સાચવી રાખવાનું રહેશે. દાવાના કિસ્સામાં, એલઆઇસી / વીમા કંપનીને દસ્તાવેજો રજૂ કરવા માંગી શકે છે. એલઆઇસી / વીમા કંપની કોઈપણ સમયે આ દસ્તાવેજો માંગવાનો અધિકાર અબાધિત રાખે છે.

સ્વીકૃતિ રસીદ જે વીમા પ્રમાણપત્ર-કમ-સ્વીકૃતિ રસીદ બનાવી શકાય છે.

જો જરૂરી જણાશે તો આ યોજનાના અનુભવની સમિક્ષા વાર્ષિક ધોરણે ફરીથી માપાંકન કરવા માટે આવશે

**પ્રીમિયમ ગોઠવણતા :**

૧) એલઆઈસી / વીમા કંપનીને વીમા પ્રિમીયમ: અંકે રૂ. ૨૮૯/- સભ્ય દીઠ વાર્ષિક

૨) બી. સી./ માઇક્રો/ કોર્પોરેટ / એજન્ટને ખર્ચ પેટે પુન: ચુકવણી અંકે રૂ. 30/- સભ્ય દીઠ વાર્ષિક

૩) સહભાગી બેન્કને વહીવટી ખર્ચ અંકે રૂ. ૧૧/- સભ્ય દીઠ વાર્ષિક

આ યોજના પ્રારંભ કરવાની સૂચિત તારીખ ૧ લી જૂન ૨૦૧૫ છે અને વાર્ષિક રીન્યુઅલ તારીખ પછીના વર્ષોમાં ૧ લી જૂન રહેશે.

સંજોગોવસાત જરૂર જણાય તો આ યોજના ભવિષ્યમાં નવીનીકરણ તારીખ  બંધ પહેલાં થઈ શકે છે.